ગાંધીનગર સમાચાર
તા. ૪-૫-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

વિપરીત રાજયોગ : મરેલો સરબજીત સવા કરોડનો

સરબજીતસિંહની શહીદી ભારત અને પાકિસ્તાન-બેઉ દેશોની સરકારોને ભારે પડી રહી છે. પાકિસ્તાનની બદનીયત બહુ જ જાણીતી છે. એક યા બીજા કારણસર જો કોઈ ભારતીય ઝપટમાં આવી જાય તો પાકિસ્તાનીઓ એની સાથે વધુમાં વધુ ક્રૂર વર્તાવ કરતા રહ્યા છે. પાકિસ્તાનમાં પકડાયેલા ભારતીય માછીમારો હોય કે જાસૂસો, એમની સાથે એવો ઘાતકી વ્યવહાર કરાય છે કે ભૂલેચૂકે જીવતા પાછા ફરે તો જિંદગીમાં ફરીવાર એ તરફ નજર કરવાની હિંમત ન કરે. ભારતીય સેના અને જેલ અધિકારીઓનાં વર્તન-વ્યવહાર અત્યંત ઉદાર અને માનવતાપૂર્ણ રહે છે. બે પાડોશી દેશો વચ્ચે માનસિકતાનો બહુ મોટો ફરક છે. સરબજીતને શહીદનો દરજ્જો આપી પંજાબ સરકારે એક કરવા જેવું કામ કર્યું છે. ખરૂં પૂછો તો આ બેઉ દેશોની સરકારને પંજાબની સરકારે મારેલી લપડાક છે. કેન્દ્ર સરકારે સરબજીતનો કેસ હલ કરવામાં જે ઢીલાશ દાખવી છે એથી દેશ આખો નારાજ છે. પાકિસ્તાનની સરકાર સામે તો આક્રોશ હોય જ, એટલો જ આક્રોશ દેશની સરકાર વિરુદ્ધ પણ ફાટી નીકળવાની શકયતા હોવાથી વડાપ્રધાનથી માંડી રાહુલ ગાંધી અને ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે તથા વિદેશમંત્રી સલમાન ખુરશીદ હયમચી ગયા છે. પંજાબ સરકારે વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કરી સરબજીતના માનમાં ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે. દિકરીઓને નોકરી ઉપરાંત એના પરિવારને પંજાબ સરકારે એક કરોડની જંગી સહાય આપી છે અને કેન્દ્ર સરકારે પણ વડાપ્રધાનના ફંડમાંથી પચ્ચીસ લાખની સહાય જાહેર કરી છે. સરબજીત પાકિસ્તાનની કેદમાં જીવતો હતો ત્યાં સુધી રોજના હિસાબે ઠોકરો ખાતો હતો. મર્યા પછી એ એના પરિવાર માટે સવા કરોડનો સાબિત થયો છે. એ રાષ્ટ્રીય હીરો બની ગયો છે. ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે અને રાહુલ ગાંધીને એની સ્મશાનયાત્રામાં હાજરી આપવી પડે તે શું સૂચવે છે? આગામી ચૂંટણીમાં કદાચ રાહુલ ગાંધી સરબજીતની દીકરીને કોગ્રેંસની ટિકિટ બઝાડી દે તો પણ નવાઈ નહીં. જો કે અકાલીદળ-ભાજપની સરકાર અહીં કોગ્રેંસની દાળ ગળવા દે એ વાતમાં માલ નથી. એમનું ચાલશે તો તેઓ સરબજીતની ઝુઝારુ બહેન દલબીર કૌરને ઉમેદવાર બનાવી લોકસભા લડાવશે. સરબજીત પર થયેલા હુમલાના પ્રત્યાઘાત હવે ભારતીય જેલોમાં પણ શરૂ થઈ જશે. જમ્મુમાં કોટ બલવલની જેલમાં પાકિસ્તાની કેદી પર બીજા કેદી દ્વારા થયેલા જીવલેણ હુમલાની ગંભીર નોંધ લઈ ભારત સરકારે તાબડતોબ પગલાં લીધાં છે, પરંતુ પાકિસ્તાનને તૈયાર ભાણું મળી ગયું છે. જેવી માગણી ભારત સરકાર સરબજીત અંગે કરતી હતી એવી જ હવે પાકિસ્તાન એના કેદી સન્નાઉલ્લાહ માટે કરવા લાગ્યું છે. પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે સરબજીતની સાથે થયેલા અમાનુષી વ્યવહાર સામે મૂકવા માટે એમનો જ નાગરિક મળી જવાથી એને ઘણી રાહત થઈ છે. સરબજીતના મૃતદેહને સલામી આપતી પંજાબી પોલીસની ટુકડીને જોઈને એનો આત્મા શું વિચારતો હશે? એક સાધારણ ખેતમજૂર જે ખાખી લૂગડું ભાળીને સંતાતો ફરતો હશે, તેનું કિસ્મત તો જુઓ! વેરભાવે પાકિસ્તાને એને હિંદુસ્તાનનો હીરો બનાવી દીધો છે. હવે એની શૌર્ય કથાઓ આલેખાશે, એની ખાંભી રચાશે અને ભગતસિંહ જેવા શહીદની પંગતમાં એક નવું નામ ઉમેરાશે. આવું નામ તે વિરીત રાજયોગ!

આર્ટ ઓફ લીવીંગ દ્વારા લીવીંગ વેલ કોર્ષનું ૬ ફ્રીથી આયોજન

ગાંધીનગર, તા.૩

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગરના પ્રિશિક્ષક સુરેશ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૬ મે ૨૦૧૩ થી ૧૨મી મે ૨૦૧૩ સુધી સવારે ૬ થી ૯.૩૦ અને સાંજે ૬.૩૦ થી ૧૦ મેઘ મલ્હાર, કોમ્પ્લેક્ષ સેકટર-૧૧ ખાતે લીવીંગ વેલ કોર્ષ અંતર્ગત ડાયાબીટીસ તથા બ્લડ પ્રેશર કંટ્રોલ, વજન ઘટાડવા અને તનાવમાંથી મુકિત માટેની ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત ઉમર ૧૮ થી વધારે વર્ષ માટે લીવીંગ વેલ કોર્ષનું આયોજન સંસ્થા દ્વારા અમારાં રાષ્ટ્રીય શિક્ષક ઉમેશભાઈ શાહે કે જેઓ પુરા ભારતમાં અને ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરમાં આ પ્રકારની શિબિરો યોજે છે જે પૂજય ગુરુજીનાં આદેશથી ગાંધીનગર ખાતે પ્રથમવાર આ શિબિર લેશે.

આ શિબિરમાં ડાયાબીટીસ તથા બ્લડ પ્રેશર કંટ્રોલ, વજન ઘટાડવા તથા તનાવમાંથી મુકિત માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણ શકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરમાં પ્રથમ દિવસે બ્લડ ચેકઅપ કરી બ્લડ સુગર અને બ્લડ કોલેસ્ટ્રોલ તથા શિબિરના છેલ્લાં દિવસે બ્લડ સુગર અને બ્લડ કોલેસ્ટ્રોલ દ્વારા ફેરફાર અનુભવી શકાશે. આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા સુરેશભાઈ ૯૪૨૬૩ ૦૦૩૦૩ પર સંપર્ક કરવો.

મારે માર નથી ખાવો... હવે કંકોત્રી આપવી જ હોય તો તું આગળ જા...!

ગાંધીનગરની વિવિધ શાળાઓના પરિણામ

સેંટ ઝેવિયર્સ પ્રાથમિક શાળા, સેક્ટર-૮

ધોરણ-૧ (એ)

નંબર	નામ	ટકા
૧	તિથિ વિશ્વાસ	૯૬.૩૩
૨	અંશુમી ચૌધરી	૯૫.૧૬
૩	હીર પટેલ	૯૪.૬૬

ધોરણ-૧ (બી)

૧	જીલ બેલાની	૯૯.૦૦
૧	પ્રાંશુ પટેલ	૯૯.૦૦
૨	સુમીત ધોને	૯૭.૮૩
૨	અભી રાણા	૯૭.૮૩
૩	ક્રિષ્ના	૯૭.૩૩

ધોરણ-૧-સી

૧	કેના પરમાર	૯૭.૬૬
૨	વિધાન જોશી	૯૭.૩૩
૩	ધ્રુવી શાહ	૯૬.૮૩

ધોરણ-૨-એ

૧	ધ્વનિ કાછિયા	૯૭.૧૬
૧	જૈત્રા પટેલ	૯૭.૧૬
૨	ધ્રુવ પટેલ	૯૬.૮૩
૩	હર્ષિલ ભાવસાર	૯૬.૦૦
૩	નિસર્ગ શાહ	૯૬.૦૦

ધોરણ-૩-બી

૧	જશ્વી અમીન	૯૮.૦૦
૨	નિસર્ગ પંડ્યા	૯૭.૩૩
૩	કવિત તિંબાડીયા	૯૬.૩૩

ધોરણ-૨-સી

૧	પ્રાન્વી વાઘેશ્વર	૯૭.૬૬
૨	દિયા પંડ્યા	૯૫.૮૩
૩	રાજ ગાંધી	૯૫.૩૩

ધોરણ-૩-એ

૧	કુશ પટેલ	૯૭.૭૧
૨	નિદિ પિલ્લાઈ	૯૭.૧૪
૩	આશ્કા પઢીયાર	૯૭.૦૦

ધોરણ-૩-બી

૧	ક્ષિતિજ ઓઝા	૯૪.૧૪
૨	યશ્વી મોસી	૯૪.૦૦
૩	ચાર્મી પ્રજાપતિ	૯૩.૮૫

ધોરણ-૩-સી

૧	ક્રિશ પટેલ	૯૭.૧૪
૨	ધ્રુવી વારીયા	૯૬.૦૦
૩	પાર્થ આસોડીયા	૯૫.૫૭

ધોરણ-૪-એ

૧	શિવાલી પ્રધાન	૯૭.૧૪
૨	આસ્થા બાકરે	૯૩.૮૫
૩	અંશુ કામઠ	૯૨.૭૧
૩	નાવ્યા આયર	૯૨.૭૧

ધોરણ-૪-બી

૧	અર્ચના નાયર	૯૬.૭૧
૨	હિરવા પટેલ	૯૫.૦૦
૩	રામ્યા વાઘાની	૯૦.૭૧

ધોરણ-૪-સી

૧	વિધિ ત્રિવેદી	૯૬.૮૫
૨	સાર્થક પટેલ	૯૪.૭૧
૩	દીપ પટેલ	૯૪.૫૭

ધોરણ-૫-એ

૧	કૃપા ઠક્કર	૯૫.૦૪
૨	નીલ મહેતા	૯૫.૦૦
૩	આકાશ ભાંડારી	૯૪.૦૪

ધોરણ-૫-બી

૧	ઓમ પટેલ	૯૫.૦૭
૨	તેજ ચૌહાણ	૯૩.૦૪
૩	ધારા પારેખ	૯૨.૦૬

ધોરણ-૫-સી

૧	વેદાંત પટેલ	૯૪.૦૬
૨	તીર્થ રાવલ	૯૩.૦૫
૩	વરૂણ ઓઝા	૮૮.૦૮

ધોરણ-૯-એ

૧	રોહન ઝવેરી	૯૨.૨૮
૨	જીલ માકડીયા	૯૧.૭૧
૩	હરિલ વ્યાસ	૯૦.૦૦

ધોરણ-૯-બી

૧	કાવ્યા થાનકી	૯૪.૦૦
૨	વિધિ પટેલ	૯૧.૦૦
૩	કુનાલ મહેતા	૮૯.૮૫

ધોરણ-૯-સી

૧	ઈશીતા થાનકી	૯૪.૪૨
૨	ભવ્યા રાવલ	૯૦.૭૧
૩	નિવિદ દેસાઈ	૯૦.૨૮

ધોરણ-૯-ડી

૧	જીલ સી. ઠક્કર	૯૪.૫૭
૨	શ્રેયશ ચૌધરી	૯૨.૫૭
૩	સલોની જોશી	૮૯.૧૪

ધોરણ-૧૧-કોમર્સ

૧	દિશા રાણા	૮૪.૭૭
૨	અજયસિંહ સોલંકી	૮૩.૨૨
૩	મેગાવી ઓઝા	૮૨.૮૮

● આરાધના વિદ્યાવિહાર (પ્રા. વિભાગ)

જુ.કે.જી.

૧	પરમાર ખુશી	૯૨.૦૦
૨	બારીયા નયન	૮૯.૦૦
૩	દાતણીયા નિખિલ	૮૯.૦૦

સિ.કે.જી.

૧	વાઘેલા નેહલ	૯૨.૪
૨	ગુજરાત કીશ	૯૨.૦૦
૩	જાદવ સાગર	૯૦.૪

ધોરણ-૧

૧	આસોડિયા સ્નેહા	૯૬
૨	ચૌહાણ મિતાંશ	૯૫.૧૬
૩	દરજી આશિષ	૯૪.૮૩

ધોરણ-૨

૧	ગોહિલ મનિષા	૯૭.૦૦
૨	ચૌધરી કમલેશ	૯૬.૬૬
૩	ચૌધરી નિકુલ	૯૫.૮૩

ધોરણ-૩

૧	દરજી હર્ષ	૯૫.૩૭
૨	રાવલ હનિ	૯૪.૫
૩	રાઠોડ માનષી	૯૪.૨૫

ધોરણ-૪

૧	રાઠોડ ભાવિની	૯૩.૧૨
૨	પરમાર હર્ષવી	૯૨.૩૭
૩	ઠાકોર ભૂપેન્દ્ર	૯૧.૭૫

ધોરણ-૫

૧	રાઠોડ વિશ્વરાજ	૯૫.૭૭
૨	માલી બાબુલાલ	૯૩.૦૦
૩	પ્રજાપતિ તરૂણ	૯૨.૧૧

(ઉચ્ચ પ્રાથમિક વિભાગ)

ધોરણ-૬

૧	પુરોહિત આસ્થા	૯૨.૨૦
૨	મેવાડા ગૌરવ	૯૧.૧૬
૩	રાઠોડ હર્ષપાલ	૯૧.૧૬

ધોરણ-૭ (અ)

૧	દરજી હેલી	૯૩.૯૪
૨	પટેલ સ્મિત	૯૦.૨૨
૩	વસાવા દિશા	૮૮.૬૧

ધોરણ-૭ (બ)

૧	ઘોથલ ચિરાગ	૮૮.૦૦
૨	દેસાઈ ઉમંગ	૮૬.૦૮
૩	ચૌહાણ ઐશ્વર્યા	૮૬.૦૩

ધોરણ-૮ (અ)

૧	આસોડિયા સૌમીલ	૯૧.૬૬
૨	બારિયા કેયુર	૮૯.૮૩
૩	પઢિયાર શ્વેતા	૮૯.૩૮

ધોરણ-૮ (બ)

૧	જોષી ઉર્મિ	૯૨.૭૭
૨	પરમાર દિવ્યા	૮૭.૯૪
૩	બારિયા અજીત	૮૭.૩૩

ધોરણ-૯

૧	જાદવ ભાવેશ	૯૮.૩૬
૧	કાનાણી ભાવિનકુમાર	૯૮.૩૬
૨	પટેલ રમેશભાઈ	૯૮.૩૩
૩	રંગાણી શ્રુતિબેન	૯૮.૦૮

આરાધના વિદ્યાવિહાર (ઉ.મા. વિભાગ)

ધોરણ-૧૧-એ

૧	પટેલ નિરજકુમાર	૬૨.૧૧
૨	ચૌધરી દર્શકકુમાર	૬૨.૦૦
૩	ઠુંમર આકાશ	૬૧.૧૧

ધોરણ-૧૧-બી

૧	ઠાકોર રમેશભાઈ	૬૪.૩૩
૨	પુજારા વિક્રમ	૬૩.૩૩
૩	ઠુંમર ધાપુ	૬૦.૪૪

ધોરણ-૧૧-સી

૧	પરમાર નિકિતાબેન	૮૩.૦૦
૨	બારીયા કલ્પેશકુમાર	૭૮.૪૪
૩	રૈયાણી ઉદીપ	૭૫.૪૪

ધોરણ-૧૧-ડી

૧	ઝાલા યુવરાજસિંહ	૭૪.૦૦
૨	વસાવા વૈસાલી	૭૧.૦૦
૩	રાઠોડ અશ્વિન	૭૦.૮૯
૩	ચૌહાણ નિકુલ	૭૦.૮૯

ધોરણ-૧૧-ઈ

૧	બારા મહેશ	૬૫.૭૮
૨	ભરવાડ દશરથભાઈ	૬૩.૬૭
૩	વાગડીયા હિંમતભાઈ	૬૩.૪૪

તારીફ કરૂં કયા ઉસકી..!! સુરીલા હિન્દી ફિલ્મી ગીતોનું રંગીલું મેઘધનુષ..!!!

કમાલનાં હિન્દી ગીતોમાં ધમાલનાં ઓરકેષ્ટ્રાએ ભજન, ગઝલ, કેબ્રે, કવ્વાલી, મુજરો, લોક સંગીતનાં એક એકથી ચઢીયાતા ગીતોની રસપ્રદ માહિતી સાથે હિન્દી ફિલ્મી ગીતોના એન્સાકલોપીડિયા અને જાણીતા હાસ્ય લેખક અશોક દવે દ્વારા સદાબહાર સંગીતની સુરીલી સફર

ઊઘડતે પડદે
સંજય થોરાત

ભારતીય સિનેમાએ આ વર્ષે જ તેના અસ્તિત્વનાં સો વર્ષ પૂર્ણ કર્યા છે. મૂંગી ફિલ્મ રાજા હરિશચંદ્રથી શરૂ થયેલી ઈનીંગ એના ૧૯માં વર્ષે આલમઆરા માં બોલતી અને ગાતી થઈ.. હિન્દી ફિલ્મોનાં શરૂઆતી દોરમાં ૧૫થી ૨૫ ગીતો હોવાએ સામાન્ય વાત હતી.. ઈન્દ્રસભા ફિલ્મમાં પુરા ૬૯ ગીતો હતાં. થોડા વર્ષો પૂર્વે જયારે 'હમ આપકે હૈ કોન'માં ૧૪ ગીતો આવેલાં ત્યારે એ સૌને વધુ લાગેલાં.. પણ ભારતીય નાગરિકને એનું દુખ ભૂલાવા દૂધ કે દારૂએ જેટલી મદદ નથી કરી એટલી હિન્દી ફિલ્મી ગીતોએ કરી છે..

ગાતાં ગાંધીનગરની ઓળખમાં એક પીઢું ઉમેરતી 'સંસ્કૃતિ' સંસ્થાએ ગાંધીનગર ફર્માઈશ કલબ, જૈન સોશ્યલ ગ્રૂપ અને ગેઝીયાનાં સહયોગથી હિન્દી ફિલ્મી ગીતોનું મેઘધનુષ્ય રચવાનો રૂપાળો કાર્યક્રમ ગાંધીનગરનાં ટાઉન હોલ યોજયો હતો.. કાર્યક્રમનાં સંચાલનમાં ગુજરાત સમાચારનાં 'બુધવારની બપોર' અને 'એન્કાઉન્ટર'ના કટરા લેખક અશોક દવે કે જેઓ હિન્દી ફિલ્મી ગીતોના એન્સાઈકલોપિડિયા તરીકે ઓળખાય છે એવાં હુકમનાં એક્કાને ઉતારી ગીતોનાં મધુરા ગુંજન સાથે એ ગીતોની રેસીપી પણ જાણવાં મળશે એવી ખાત્રી સાથે ટાઉવ હોલ પેક કરાવી દીધો. ફિલ્મી ગીતો સૌને ફેવરીટ હોય એટલે અને એમાંય વિવિધ રંગો ભરેલા ગીતોનનો નીવડેલો ગુલદસ્તો હોય એટલે પ્રોગ્રામ જામી ગયો..

સંસારના નવેય રસોથી સિંચાયેલા આ કાર્યક્રમની શરૂઆત ભક્તિરસનાં ગીતે ઈતની શકિત હમે દેના દાતા...ના ભાવાત્મક રજૂઆતથી થઈ.. મન્નાડેના અતિ પ્રસિદ્ધ ગીત 'અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તજપે દિલ કુર્બાન'નાં વીરરસનું અને પછી વીરરસનું 'શીસા હોય દિલ હો, આખીર તૂટ જાતા હૈ'ની જબરજસ્ત રજૂઆત થઈ... આમતો હિન્દી ફિલ્મી ગીતોની વિશિષ્ટ માહિતી માટે જાણીતા એન્કર અશોક દવે આ ત્રણ ગીત સુધી એમની રમુજમાંથી બહારના આવતાં થોડું અચરજ થયું.

શમ્મીકપૂરએ નેચરલ ડાન્સર હતો અને એમને કોરિયોગ્રાફરની જરૂર નહોતી પડતી, રબ્બરની જેમ ઉછળકુદ કરતાં આ ડાન્સરને જયારે રિટેક કરાવાતો ત્યારે ડાન્સની સ્ટાઈલ બદલાઈ જતી.. એવરગ્રીન રોમેન્ટીક સોંગ એટલે કશ્મિર કી કલીનું 'યે ચાંદ સા રોશન ચહેરા..' જેવી વિગતો પીરસીને અશોક દવે એમનાં અસ્સલ રંગમાં આવ્યાનો આનંદ થયો.. ઓ.પી. નૈયર પંજાબી ફૉક અને રોમાંશનાં ગીતોના માસ્ટર હતા એમણે ઘોડાગાડીનાં ઠેકા પર ૪૨ ગીતો રચ્યાં હતા અને એ પૈકીનું 'પિયા પિયા મોરા જીયા પુકારે'ની મસ્ત રજૂઆત થઈ...

અત્યારે અત્યંત આધુનિક રેકોર્ડીંગ સ્ટુડિયો બન્યા છે પણ જયારે સંગીતનો સુવર્ણકાળ હતો ત્યારે રેકોર્ડીંગ ગાર્ડનમાં અને રાતે ૧૨ વાગ્યા બાદ થતું જેથી વાહનોનો અવાજના આવે. કયારેક તો સતત ૨૪ કલાક રેકોર્ડીંગ ચાલે અને ગાયક-વાદ વૃંદ ગરમીમાં પરસેવે ન્હાય એવાં ડેડિકેશન સાથેનાં ગીતો ચિરસ્મરણીય બન્યાં છે વો કૌન થી ફિલ્મનું 'લગ જા ગલે ફિર યે હસી શામ હો ના હો' એ કક્ષાનું ગીત હતું... ૧૯૩૧માં પહેલી બોલતી ફિલ્મ 'આલમઆરા' બની, ૧૯૪૬થી મેલડીનો જમાનો આવ્યો.આર.ડી. બર્મન વેસ્ટર્ન ધુનો લાવ્યા. બપ્પી લહરી ડિસ્કો અને એ.આર.રહેમાને નવો ફયપઝન ટ્રેન્ડ ચાલુ કર્યો..

'તીસરી મંઝીલ'ફિલ્મનું આર.ડી.બર્મનનાં સંગીતમાં રચાયેલું અને રફી,આશાનું ધમાલ ગીત એઠલે 'આજા આઝા મેં હું પ્યાર તેરા' ગીતમાં રીધમીસ્ટે જે રંગ રાખ્યો અને એમાંય ડ્રમ આર્ટીસ્ટેતો રીતસરનું ગીત માથે ચઢાવ્યું.. માત્ર હિન્દુસ્તાની વાદ્યનો ઉપયોગ કરી બનાવેલું ગીત 'ઉત્સવ'નું મન કયું બહેકા રી બહેકા આધી રાત કો, ની સાત્વીર રજૂઆતની પાછળ જ કેબ્રેની ધમાલ સમાન ઈન્કામનું આ જાને જા, મેરા યે હુશ્ન જેવાં. આ ગીત સાથે કુક્કુ- હેલન- બિંદુને યાદ કરી લીધી પણ હેલન જેવી કેબ્રે ડાન્સર કોઈ નહીં.. આ ગીતમાં સંગતને જેટલી દાદ આપીએ એઠલી ઓછી પડે..

વિયાને એ શંકર જયકિશનનું મનગમતું વાદ્ય હતું અને એ એમનાં ગીતોમાં ખાસ ઉપયોગ કરતાં. માત્ર જ વાદ્ય હતું અને એ એમનાં ગીતોમાં ખાસ ઉપયોગ કરતાં, માત્ર જ વાદ્યો રાખે પણ વાયોલીન વગાડનારાં ૧૦૦ જણાં હોય.. બ્રહ્મચારીના ગીતમાં કોયર (એટલે કે વિશિષ્ટ કોરસ જેનાં ૨૦ જણાની ત્રણ ટીમ હોય અને ખરજ-મધ્યમ અને તીવ્રના માત્ર આલાપો એકસાથે થાયાનાં વિશિષ્ટ કમાલનું ગીત દિલ કે ઝરોખો મેં. તિજકો બીઠા કર, ની રજૂઆત મજા પમાડી ગઈ.. બપ્પી લહેરી આમતો ડિસ્કો લઈને આવ્યા પણ એમનું 'કા કરૂ સજની' શાસ્ત્રીય રાગ પર આધારીત હતું તો શરાબીનું ઈતહા હોઈ ગઈ ઈંતજાર કી.માં ફૉક અને વેસ્ટર્નનો સમાવેશ હતો અને ગીત જામી ગયું..

'કોહીનુરનું મધુબન મેં રાધીકા નાચે રે..' તબલચીએ જમાવટ કરી જે ગીતનાં ફિલ્માંકન માટે દિલીપકુરમારે ખાસ શિખેલી.. કિસ્મતનું આઓ ગુઝુર તુમકો સિતારો મેં લે ચલું.. બહારો કે સપને..નું ચૂનરી સંભાલ ગોરી ઉડી ઉડી ચલી જાય રે..' એક જ ગીતમાં અનેક ઠેકાનો ઉપયોગની મજા પમાડી .. બંગાળ, આસામનાં જંગલોમાંથી તૈયાર કરેલી ફૉક ડાન્સની રિધમથી એસ.ડી.બર્મનનું સદાબહાર ગીત' જવેલથીફ'નું 'હોઠે પે ઐસી બાત મેં દબાકે ચલી આઈ'નાં સંગીતમાં ઑરકેષ્ટ્રનાં રિધમીસ્ટ મનમુકીને ખીલ્યાં...

હિન્દી ફિલ્મી ગીતોના શાસ્ત્રીય ગીતોમાં જેમનું અનન્ય યોગદાન છે એવાં મન્નાડે એ એશોક દવેનાં અંગત પરિચયમાં છે અને અત્યારે ચરિત્ર અભિનેતા પ્રાણને જયારે 'દાદા ફાલકે' એવોર્ડ અપાવાનો છે એમનાં પર ફિલ્મવાયેલું ઝંઝીરનું યારી હૈ ઈમાન મેરા યાર મેરી જીંદગી ગીતથી કવ્વાલીનો અંદાજ આપ્યો તો ખીલોના ફિલ્મની અગર તુમ દિલબર કી રૂસવાઈ હમે સનમ મંજૂર હો જાયે.. નો મુજરો કેવો હોય એની સફર કરાવી.. તવાયફ અને વેશ્યામાં શો ફરક હોય એની માહિતી આ ગીતનાં અનુસંધાને રસપ્રદ રહી.. 'પરખ' ફિલ્મનાં 'ઓ સજના બરખા બહાર આઈ' ગીતમાં જયરામ આચાર્યનાં સિતારનો કમાલ દર્શાવ્યો એ ગીત વખતે જ મુગલે આજમનાં ગીતનાં રેકોર્ડીંગમાં ૭૦ જણાનાં વાદક વૃદમાંથી એક વાદક ખોટું વગાડે છે એવું લતાએ કીધેલું જેવી અજાણી વાતોથી શ્રોતાઓ મુગ્ધ થયેલાં.. કિશોરનાં અવાજમાં ગવાયેલું 'જયજય શિવશંકર'નાં મસ્તી ભર્યા. ગીતથી કાર્યક્રમ સંપન્ન થઈ ગયો...

કાર્યક્રમનાં ઑરકેસ્ટ્રા અને એમાંય ખાસ રિધમીસ્ટ, ડ્રમ, તબલા માર્વેલસ રહ્યા.. ગાયકોમાં નીરજ પાઠક, ચિરાગ દેસાઈ, કોશા પંડ્યા અને આનલ વસાવડાં દરેકે નિષ્ઠાથી ગીતોને ન્યાય આપ્યો... વોઈસ ઓફ કિશોરનો એવોર્ડ જીતનારાં નીરજ પાઠક પાસે મન્નાડેના ગીતો ગવડાવી અને એની પાસે માત્ર એક જ કિશોરનું ગીત ગવડાવી ગાયક અને શ્રોતા બંનેને અન્યાય કર્યો હોય એવું લાગ્યું... ગીતોનું સિલેકશન મસ્ત હતું છતાંય મુકેશ- કિશોર - હેમંતનાં ગીતોની ખોટ વર્તાઈ..

સંસ્કૃતિના મનોજ શુકલ અને રમેશ પટેલને આવો સુંદર કાર્યક્રમ ખેંચી લાવવા બદલ અભિનંદન... કાર્યક્રમનાં સુત્રધાર અશોક દવે 'બુધવારની બપોર' અને 'એન્કાઉન્ટર'ની કોમેન્ટમાં કિસ અને લવ યુ પર કોમેન્ટ કરતાં એમની વાત પર હસવું કે એમનાં પર હસવું એવું લાગ્યાં કરે.. ફિલ્મી ગીતોનું એમનું જ્ઞાન એ ધરતા તો વધુ આપીને અને માહિતીસભર રહ્યો... હિન્દી ફિલ્મી ગીતોમાં ભજન, ગઝલ, દેશભક્તિ, કેબ્રે, વેસ્ટર્ન, કવ્વાલી, પ્રાર્થના, મુજરો, સેડ, ફૉક જેવાં વિવિધ સુરીલા ગીતોનું રંગીલું મેઘધનુષનાં રંગો પાથરવામાં પાર્ટીવાળા અને માણવામાં શ્રોતાઓ રંગીન થઈ ગયાં.

તરણ સ્પર્ધામાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરતા પોલીસ જવાન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પોલીસ ખાતામાં ફરજ બજાવતા અશોક રાઠોડ, રામમિલન યાદવ તથા એલ.સી.બી. શાખામાં ફરજ બજાવતા સુરેશ ચૌધરીએ તાજેતરમાં ૬૧મી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં ભાગ લઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. આસામ ખાતે યોજાયેલી આ સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં ગાંધીનગર તરફથી અશોક રાઠોડ, રામમિલન યાદવ અને સુરેશ ચૌધરીએ ગાંધીનગર તરફથી પ્રતિનિધિત્વ કર્યું હતું.

જિલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનુ તા-૨/૫/૧૩ ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મિલિટરી તથા પોલીસ ફોર્સમાં જોડાવા ઇચ્છુક ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટે પરિણામલક્ષી તાલીમથી સજ્જ કરવાનો એક તાલીમ વર્ગ ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યો છે. આ તાલીમ વર્ગ વિના મુલ્યે અને સ્ટાઈપેન્ડ સહિતનો નિવાસી તાલીમ વર્ગ છે. આ તાલીમ વર્ગના ઉદઘાટન કાર્યક્રમમાં જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞા પટેલ, ઈન્ચાર્જ જિલ્લા રોજગાર અધિકારી શ્રી એન. એમ. હાલાણી, શ્રી આઈ. આર. મલેક તથા વ્યાખ્યાતાઓ, સંબંધિત અધિકારીઓ, તાલીર્માથીઓ ઉપસ્થિત રહ્યા હતા. -સંગિક વક્તવ્યમાં શ્રી -જ્ઞા પટેલ, શ્રી હાલાણી અને શ્રી મલેકે તાલીમ વર્ગની અગત્યતા, એનાથી થનારા લાભ અને આનુષંગિક માહિતી આપ્યા હતા. આ તાલીમ વર્ગનો જિલ્લાના ૩૦ ઉપરાંત તાલીમાંર્થીઓ એક મહિના સુધી લાભ લેનાર છે.